Extra No. 227

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, JUNE 20, 2025 / JYAISTHA 30, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૭૩૮૭ થી ૭૪૨૩/૨૦૨૫.-રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૫ ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ.૧૩(૬)/ ૦૫૨૦૨૫/ક થી રાજયની ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૮/૦૫/૨૦૨૫ થી આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સી.ઓ.સી.-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહુ ચૂંટણી કાર્યક્રમ મુજબ નર્મદા જિલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની કુલ-૧૧૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. ચૂંટણી અંતર્ગત મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭:૦૦ વાગ્યાથી સાંજના ૦૬:૦૦ વાગ્યા સુધી)ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ ના રોજ નીચે મુજબના મતગણતરી કેન્દ્રો ખાતે થનાર છે.

અ.નં.	તાલુકાનું નામ	મતગણતરી કેન્દ્રનું નામ
૧	નાંદોદ	આનંદભવન, શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય, વડીયા
૨	તિલકવાડા	શ્રી કે.એમ.શાહ હાઈસ્કૂલ, તિલકવાડા
૩	ગરૂડેશ્વર	તાલુકા સેવા સદન, ગરૂડેશ્વર
૪	દેડીયાપાડા	આદર્શ નિવાસી શાળા, દેડીયાપાડા
૫	સાગબારા	તાલુકા પંચાયત કચેરી, તિલકવાડા

સદરહુ મતગણતરીની પ્રક્રિયા સુચારુરૂપે પૂર્ણ થાય અને મતગણતરી કેન્દ્રો ખાતે આદર્શ આચાર સંહિતા તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મતગણતરી કેન્દ્રો ખાતે કેટલાક પ્રતિબંધો મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા વંચાણના હુકમથી મળેલ સત્તાની રૂએ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ ના અત્રેના જિલ્લાના ઉપરોક્ત મતગણતરી કેન્દ્રોની આસપાસ સવારના ૦૬:૦૦ કલાક થી મત ગણતરી પૂર્ણ થયાના બે કલાક સુધી આદર્શ આચાર સંહિતા અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે નીચે મુજબ હુકમો કરું છું.

૧. મતગણતરી કેન્દ્ર અને તેની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર થી વધુ વ્યક્તિઓ એકઠા થઈ શકશે નહીં.

૨. મતગણતરી કેન્દ્ર અને તેની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં સભા ભરી શકાશે નહી કે સંબોધી શકાશે નહીં અને સરઘસ કાઢી શકાશે નહીં.

૩. મતગણતરી કેન્દ્ર અને તેની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ વાહન લઈ જઈ શકશે નહીં.

૪. મતગણતરી કેન્દ્ર અને તેની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ સળગાવી શકાય તેવા પદાર્થો કે ચીજ વસ્તુઓ લઈ જઈ શકશે નહીં કે તેનો ઉપયોગ કરી શકશે નહીં.

૫. મત ગણતરીના દિવસે ઉમેદવારો કે ઉમેદવારોના ટેકેદારો તથા રાજકીય પક્ષોના કાર્યકરો મોટી સંખ્યામાં એકત્ર થવા સંભવ હોય તેઓએ મત ગણતરીની કામગીરીમાં કોઈ અડચણ ઉભી કરવી નહીં.

// અપવાદ //

આ જાહેરનામું નીચે જણાવેલ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. રાજય ચૂંટણી આયોગ દ્વારા નિયુક્ત ઓબ્ઝર્વરશ્રીઓ,

૨. ચૂંટણી ફરજ પરના સરકારી અધિકારી/કર્મચારીઓ તથા ચૂંટણી ફરજ પરના વાહનો.

૩. રાજ્ય ચૂંટણી આયોગના અધિકારી અને પ્રાંત અધિકારીશ્રીઓ અથવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અથવા પોલિસ અધિક્ષકશ્રી અધિકૃત કરે તેવા વ્યક્તિઓ.

// અમલવારીનો સમય //

આ જાહેરનામું તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૦૬:૦૦ કલાક થી મત ગણતરી પૂર્ણ થયા બાદના બે કલાક સુધી અમલમાં રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તારીખ ૧૯-૦૬-૨૦૨૫.

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 18:35:54 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara